તા. ૨૯. ૨. ૨૦૨૫
દિવ્ય ભાસ્કર
ગાંધીનગર આવૃત્તિ
પાના નં. ૧

### રિવરફ્રન્ટ ત્રણ વર્ષમાં તૈયાર થઇ જશે, ડિસેમ્બર સુધીમાં મેટ્રોનો બીજો તબક્કો પૂર્ણ થશે

# હેલ્થ, હેપ્પીનેસ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરની ગિફ્ટ: બજેટમાં ગાંધીનગર માટે કરોડોની જોગવાઈ કરવામાં આવી

ભાસ્કર ન્યૂઝ | ગાંધીનગર

રાજ્ય સરકારના બજેટમાં પાટનગર ગાંધીનગર માટે કરોડો રૂપિયાની જોગવાઇ કરવામાં આવી છે. આરોગ્ય સુવિધાથી લઇને ભૌતિક-આંતરમાળખાકીય સુવિધાના કામો માટે વિશેષ નાણા ફાળવવામાં આવ્યા છે. સાબરમતી નદી પર અમદાવાદ-ગિફ્ટ સિટી-ગાંધીનગરને જોડતા રિવરફ્રન્ટના બીજા ફેઝની કામગીરી પ્રગતિમાં છે. બાકીના પાંચ ફેઝનું કામ આગામી ત્રણ વર્ષમાં પૂર્ણ કરવાનું આયોજન છે. દેશના સૌથી લાંબા આ રિવરફ્રન્ટના કામ માટે આ બજેટમાં 350 કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવી છે.

અમદાવાદ-ગાંધીનગર અને સુરત મેટ્રો વિસ્તરણનું કામ આગળ વધી રહેલ છે. અમદાવાદ મેટ્રો રેલ ફેઝ-2નું કામ ડિસેમ્બર-2025માં પૂર્ણ થશે. હાલ અમદાવાદથી સેક્ટર-1 (ચ-2) મેટ્રો સ્ટેશન અને ગિફ્ટ સિટી સુધીની મેટ્રો રેલ સેવા ચાલુ થઇ ગઇ છે. બીજા તબક્કાની કામગીરી પૂર્ણ થતાં જ સચિવાલય, અક્ષરધામ અને મહાત્મા મંદિર સુધીની મેટ્રો રેલ સેવા નાગરિકોને મળતી થશે. અમદાવાદ- ગાંધીનગર સહિત વિવિધ શહેરોમાં મેટ્રોની કામગીરી માટે સરકારે બજેટમાં 2730 કરોડ રૂપિયાની જોગવાઇ કરી છે. લોકોનું આરોગ્ય અને સુખાકારી જળવાય તે રાજ્ય સરકારની પ્રાથમિકતા છે. અમદાવાદની જેમ ગાંધીનગરમાં પણ મેડીસિટી પ્રકારની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવશે. આ માટે પણ બજેટમાં જોગવાઇ કરાઇ છે. ખોરાક અને ઔષધ નિયમન તંત્ર માટે ગાંધીનગર-અમદાવાદ ખાતે ખોરાક અને ઔષધના નમૂના તેમજ અન્ય શહેરોમાં પણ આધુનિક પ્રયોગશાળા ઊભી કરવા બજેટમાં 28 કરોડની જોગવાઇ કરાઇ છે.

## અમદાવાદની જેમ ગાંધીનગરમાં પણ મેડીસિટી પ્રકારની સુવિધા ઉપલબ્ધ કરાવાશે

### કર્મીઓ માટે 120 કરોડના ખર્ચે 1680 ક્વાટર્સ બનશે

ગાંધીનગરમાં સરકારી કર્મચારીઓ માટે ક્વાર્ટર બનાવવા પર ખાસ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. હાલ શહેરમાં દાયકાઓ જૂના આવાસ જર્જરિત થઇને ભયજનક કેટેગરીમાં મૂકવામાં આવ્યા છે. બીજી તરફ 5 હજાર જેટલા કર્મચારીઓ સરકારી આવાસ માટે વેઇટીંગ લિસ્ટમાં છે. ત્યારે આગામી વર્ષમાં સરકારી કર્મચારીઓ માટે વિવિધ કેટેગરીના 1680 ક્વાટર્સ બનાવવામાં આવશે. જેના માટે બજેટમાં 120 કરોડની જોગવાઇ કરવામાં આવી છે.

### ગાંધીનગરમાં ક્લીન એર પ્રોગ્રામ શરૂ કરાશે

હાલ અમદાવાદ સહિતના કેટલાક શહેરોમાં ક્લિન એર પ્રોગ્રામ ચાલી રહ્યો છે. હવાના શુદ્ધિકરણ અને પર્યાવરણ જાળવણી માટેના કામો આ પ્રોગ્રામ હેઠળ હાથ ધરવામાં આવે છે. રાજ્ય સરકારે આગામી વર્ષમાં ગાંધીનગર સહિત વિવિધ શહેરોમાં ક્લિન એર પ્રોગ્રામ શરૂ કરવા માટે 100 કરોડની ફાળવણી બજેટમાં કરી છે.

### 2263 સ્માર્ટ વોટર ફ્લો મીટર લાગશે, બજેટમાં જોગવાઇ છે

ગાંધીનગર ખાતે સેન્ટ્રલ મોનિટરિંગ સ્ટેશન દ્વારા રીયલ ટાઇમ મોનિટરિંગ કરવા માટે કુલ 2263 સ્માર્ટ વોટર ફ્લોમીટર અને 500 ઓનલાઇન ક્વોલીટી એનાલાઇઝર લગાડવાની કામગીરી પ્રગતિ હેઠળ છે. આ માટે બજેટમાં જોગવાઇ કરાઇ છે.

### પેથાપુર ચારરસ્તા પર ફ્લાય ઓવર માટે 85 કરોડ ફાળવાયા

ગાંધીનગર- પેથાપુર-મહુડી હાઇવે ફોરલાઇન બનાવાશે. ઉપરાંત પેથાપુર ચારરસ્તા પર ફ્લાય ઓવર બનાવવાનું પણ આયોજન છે. આ કામ માટે સરકારે બજેટમાં 85 કરોડ ફાળવણી કરી છે.